# અરવલ્લી-સાબરકાંઠામાં બેંકોની હડતાળથી કરોડોના વ્યવહાર અટવાયા

## પડતર પ્રશ્નોના ઉકેલ માટે હડતાળનુ શસ્ત્ર ઉગામતા બેંકના કર્મચારીઓ

મોડાસા, તા. ૨૯

રાષ્ટ્રીયકૃત બેન્કો પાસેથી અબજોની લોન લઈને તેમની પાસે પૈસા હોવા છતાંયે બેન્કના નાણા પરત ન કરતા વિલકલ ડિફોલ્ટર્સને ક્રિમીનલ જાહેર કરીને તેમની સાથે પગલાં લેવાની અને રાષ્ટ્રીયકૃત બેન્કોના વીલીનીકરણ, ખાનગીકરણ અને ફેમીલી પેન્શન રિવાઈઝ કરવુ તેમજ પેન્શનમાં વધારો કરવો, બેન્કમાં આઉટસોર્સિંગ ભરતી બંધ કરવી સહિતના પડતર પ્રશ્નોના ઉકેલની માંગણી સાથે રાષ્ટ્રીયકૃત બેન્કોના કર્મચારીઓએ ૨૯ જુલાઈ શુક્રવારે હડતાળનુ શસ્ત્ર ઉગામતા અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીયકૃત બેન્કની હડતાળમાં બન્ને જિલ્લાની રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓ જોડાતા કરોડો રૂપિયાના વ્યવહાર અટવાયી પડ્યા હતા. ગામડાના પ્રજાજનો રાષ્ટ્રીયકૃત બેંકોની હડતાળ અંગે અજાણ રહેતા બેંકોના ધરમધક્કા ખાવા પડ્યા હતા. મોડાસા શહેરની કેટલીક રાષ્ટ્રીયકૃત બેંકોના શટર બહારથી અડધા બંધ રહેતા ગ્રાહકોમાં અસંમજસ પેદા થઈ હતી.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં આવેલી રાષ્ટ્રીયકૃત બેંકના કર્મચારીઓ હડતાળ પર આજના દિવસ પુરતા ઉતરતા અજાણ્યા બેંક







ધારકો અને નાગરીકોએ હાલાકી અનુભવી હતી. રાષ્ટ્રીય કૃત બેંકોમાં ફરજ બજાવતા કર્મચારીઓ દ્વારા કેન્દ્ર સરકાર રાષ્ટ્રીયકૃત બેંકો બંધ કરવાની દિશામાં કામ કરી રહી હોવાની તેમજ લેબરોનુ શોષણ થાય તેવુ લેબર રિફોર્મ બીલ લાવી રહી છે. ઉપરાંત વાર્ષિક કરોડોનું ટર્નઓવર કરતી રાષ્ટ્રીયકૃત બેંકોનું ખાનગીકરણ કરવાની દિશામાં કેન્દ્ર સરકાર કામ કરી રહી છે. કેન્દ્ર સરકારની રાષ્ટ્રીયકૃત બેંકોના વિરોધની નિતીને પગલે બેંક કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. રાષ્ટ્રીયકૃત બેંકોનું ખાનગીકરણ કરાશે તો હાલમાં ફરજ બજાવતા લાખ્ખો કર્મચારીઓની નોકરી જોખમમાં મુકાશે ઉપરાંત ખાનગીકરણથી ગ્રાહકોની બચત સહિતના નાણાની સલામતીની સામે પ્રશ્નો ઉભા થવાની શક્યતા રહેલી છે. આથી કર્મચારીઓ અને ગ્રાહકોના નાણાની સલામતીને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીયકૃત બેંકોનું ખાનગીકરણ બંધ કરવામાં આવે તેવુ બેન્કના કર્મચારીઓ ઈચ્છી રહ્યા છે. કેન્દ્ર સરકારની રાષ્ટ્રીયકૃત બેંકો અને બેંકમાં ફરજ બજાવતા કર્મચારીઓ વિરૂદ્ધની નીતિ સામે ૨૯ જુલાઈ શુક્રવારના રોજ અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાની રાષ્ટ્રીયકૃત બેંકોમાં ફરજ બજાવતા કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા હતા. પરંતુ હડતાળથી અજાણ આમ જનતા આજે બેંકમાં લેવડ-દેવડ બંધ હોવાની પુરતી જાણકારી ન હોવાના કારણે બેબાકળી બની હતી. બન્ને જિલ્લામાં હડતાળના પગલે કરોડો રૂપિયાના વ્યવહાર અટવાઈ જતા ધંધાદારીઓ વિમાસણમાં મુકાયા હતા.

# શામળાજીથી ગાંધીનગર આરઆરસેલે ૫૮ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લાના યાત્રાધામ શામળાજી નજીક આવેલી આંતર રાજ્ય સરહદ રતનપુર ચેકપોસ્ટ પરથી અસામાજીક તત્વો અને બુટલેગરો ગુજરાત રાજ્યમાં દારૂબંધીનો ફાયદો ઉઠાવી વધુ નાણા રળી લેવા ગેરકાયદેસર વગર પાસ પરમીટનો વિદેશી દારૂ અને આલ્કોહોલિક બિયરનો જથ્થો ઘુસાડવા સતત પ્રયત્નશીલ રહે છે. રાજ્યમાં ગેરકાયદેસર વિદેશી દારૂ ઘુસાડવા રતનપુર ચેકપોસ્ટ બુટલેગરો માટે ખુબ જ ઉપયોગમાં લેવામાં આવે છે. શુક્રવારે શામળાજી રતનપુર ચેકપોસ્ટ નજીકથી આર.આર.સેલ. ગાંધીનગરની ટીમે આયશર ટ્રકમાંથી રાત્રીના ૨ કલાકે ૪૬.૧૫ લાખનો વિદેશી દારૂ અને શામળાજી પોલીસે ૪ કલાક બાદ અન્ય પરપ્રાંતીય ટ્રકમાંથી ૧૨.૬૮ લાખના વિદેશી દારૂનો વગર પાસ પરમીટનો ગેરકાયદેસર ૫૮.૮૩ લાખનો કુલ જથ્થો ઝડપી પાડી એક બુટલેગરને જેલના સળીયા પાછળ ધકેલી દીધો હતો. અન્ય ટ્રક ચાલકને ઝડપી પાડવા શામળાજી પોલીસ ચક્રો ગતિમાન કર્યા હતા.

શામળાજી નજીક આવેલી રતનપુર ચેકપોસ્ટ પરથી ગુજરાત રાજ્યમાં સતત વિદેશી દારૂ ઘુસાડવા પ્રયત્નશીલ બુટલેગરનો ઝડપી પાડવા આરઆરસેલ ગાંધીનગર ટીમના પીએસઆઈ

### બુટલેગરની ધરપકડ : રતનપુર ચેક પોસ્ટ નજીકથી લાંબા વિરામ બાદ વિદેશી દારૂ ઝડપી પાડતા બુટલેગરો સતર્ક : પોલીસ સક્રિય



વીરલ પટેલ તેમની ટીમ સાથે શુક્રવારે રાત્રીના સમયે શામળાજી નજીક આવેલા કારછા ગામની સીમમાં નવજીવન હોટલ નજીક પેટ્રોલીંગમાં હતા ત્યારે રાજસ્થાન તરફથી આવતી ટ્રક (ગાડી નં. એચઆર. ૬૯.એ. ૨૨૪૬)ની ઝડપ શંકાસ્પદ જણાતા અટકાવી તલાસી લેતા ટ્રકની અંદર સંતાડીને રાખેલો વગર પાસ પરમીટનો જુદી જુદી બ્રાન્ડનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને આલ્કોહોલીક બીયરની પેટીઓ કુલ નંગ ૧૧૯૩ બોટલો તથા ટીન મળી કુલ ૨૨૯૯૨ કિંમત રૂ. કિંમત રૂ. ૪૬,૧૫,૨૦૦ ગેરકાયદેસર રીતે ગુજરાત રાજ્યમાં ઘુસાડતા ઝડપી પાડી ટ્રકનો ચાલક દલજીતસીંગ અર્જુનસીંગ સન્ધુ રહે. ડી.૪૨, પી-૨, ૨૭/૪ હાડકો કૌવા કોલોની નાંદોદ, મહારાષ્ટ્રને દબોચી લઈ તીવારી નામના બુટલેગરના પાસેથી વિદેશી દારૂ ભરી લાવતા ગાંધીનગર આરઆરસેલની ટીમે ટ્રકની કિંમત રૂ. ૧૦ લાખ તથા રોકડ રકમ મોબાઈલ ફોન, વાહનના કાગળો સહિત કુલ કિંમત રૂપિયા ૫૬,૩૮,૦૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી ટ્રકચાલક સહિત વિદેશી દારૂનો જથ્થો શામળાજી પોલીસને સોંપવામાં આવ્યો હતો.

ગાંધીનગર આરઆરસેલે ૪૬.૧૫ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યાના ૪ કલાકની અંદર જ શામળાજી પોલીસે શુક્રવારે વહેલી સવારે ૫.૪૫ કલાકે વેણપુર ગામની સીમમાંથી રાજસ્થાન તરફથી આવતી આયશર ટ્રક (ગાડી નં. એચ આર.૪૭.સી. ૭૫૭૬)માંથી વગર પાસ પરમીટે ગેરકાયદેસર વિદેશી દારૂની તથા બીયરના ટીન કુલ પેટી નંગ ૨૩૯ કુલ બોટલો તથા ટીન નંગ ૬૮૪૦ જેની કુલ કિંમત રૂ. ૧૨,૬૮,૪૦૦ તથા આયશર ટ્રકની કિંમત રૂ. ૧૦ લાખ મળી કુલ ૨૨,૬૮,૪૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી આયશર ટ્રકના ફરાર ટ્રકચાલક વિરૂદ્ધ પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# પ્રાંતિજ નગરપાલિકા કચેરીમાં ઉપપ્રમુખ મરેલુ કુતરું મુકી ગયા

## આરોગ્ય તંત્રના આંખ આડે કાન : રહિશોની રજુઆત બાદ પણ મરેલુ કુતરૂ ઉઠાવવામાં ન આવતા ઉપપ્રમુખે પગલુ ભર્યુ

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નગરપાલિકાના ઉપપ્રમુખ અને વોર્ડ નંબર-૨ના સુવિધાઓ આપવામાં પ્રાંતિજ પાલિકા નિષ્ફળ રહી છે. ત્યારે પાલિકા ઉપપ્રમુખ અને વોર્ડ નંબર-૨ ના કોર્પોરેટર પંકજભાઈ મોદીના વોર્ડમાં કુતરૂ મરી જતા



કોર્પોરેટર દ્વારા પાલિકામાં રજૂઆત બાદ પણ તેમના વોર્ડમાં મરેલુ કુતરૂ ઉઠાવવામાં ના આવતા ઉપપ્રમુખે જાતે કુતરૂ ઉંચુ કરી નગરપાલિકામાં મુકી ગયા હતા.

પ્રાંતિજ ખાતે છેલ્લા ત્રણ મહિનાથી નગરપાલિકા દ્વારા આપવામાં આવતી સુવિધાઓમાં પાછીપાની કરતાં દિવસે ને દિવસે પાલિકા વિરૂદ્ધ ફરીયાદોનું લીસ્ટ વધતુ જાય છે અને નગરજનોને પાણી, સફાઈ, લાઈટો, રસ્તાઓ જેવી પ્રાથમિક રહીશોએ તથા ઉપપ્રમુખે પાલિકામાં રજુઆતો કરવા છતાં ફરીયાદ બાદ પણ આરોગ્ય તંત્રએ આંખ આડા કાન કરી ઉઠાવવામાં ના આવતા પાલિકા ઉપપ્રમુખ દ્વારા પ્રજાહિતનું કાર્યમાં પોતે સ્થળ ઉપર પડેલુ કુતરૂ ઉઠાવી પાલિકામાં મુકી ગયા. જ્યારે છેલ્લા કેટલાય દિવસથી પાલિકાની કાચબાની ગતિએ થતી કામગીરી છતાં સંગઠન દ્વારા પણ મગનું નામ મરી ના પાડતા કોઈજ કાર્યવાહી હાથ ધરવામાં ના આવતા વિવિધ ચર્ચાઓએ પણ જોર પકડ્યું છે.

## બાયડમાં બુટલેગરો હેવાન બન્યા

# ચાર બુટલેગરોએ પ્રેમ સંબંધના વહેમ મામલે એક શખ્સને ઘરમાંથી કાઢી ઢોર માર માર્યો

બાયડ, તા. ૨૯

બાયડ નગરમાં દિનપ્રતિદિન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ગંભીર બનતી જાય છે. વારંવાર ચોરી, લૂંટ, મારામારી વગેરે જેવા ગુનાઓ સતત વધી રહ્યા છે. બુટલેગરો પણ બેફામ બન્યા છે ત્યારે ચાર બુટલેગરોએ ભેગા મળી યુવાનને પ્રેમસંબંધ મામલે ઢોર મારી માર્યો હતો અને જાનથી મારી મારવાડીને ઘરમાં બહાર કાઢી ઢોર માર માર્યો હતો. બુટલેગરોએ લોખંડની પાઈપ અને લાકડીઓ વડે માર મારી લોહીયાળ ઈજાઓ પહોંચાડી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મારા મારી દરમિયાન આસપાસના રહિસો બચાવ પક્ષે ઉતરતા બુટલેગરોએ નિર્દોષ નાગરિકો પર પણ લાકડીઓથી માર માર્યો હતો.



લોખંડની પાઈપો વડે હૂમલો કરી લોહીયાળ ઈજાઓ પહોંચાડી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી



નાખવાની ધમકી આતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર બાયડ શહેરમાં ભુખેલ રોડ પર પર શિવાભાઈ મારવાડી નામનો શખ્સ રહે છે. ત્યાં જ નજીકમાં બુટલેગર કાર્તિક સલાટ રહે છે અને શિવા મારવાડીના કાર્તિકની બહેન સાથે પ્રમ સંબંધ છે તેવો વહેમ રાખી કાર્તિક સલાટ, નરસિંહ સલાટ, ઈશ્વર મોયો સલાટ અને રમણનો નાનો દિકરો આમ ચાર બુટલેગરોએ શિવા બુટેલગરો ધમાલ મચાવીને પણ ખુલ્લેઆમ ફરતા હતા છતા પોલીસ ચુપચાપ તમાસો જોતી હતી.

આ સમગ્ર મામલે બાયડ પોલીસમાં વિઠ્ઠલ બાબુભાઈ મારવાડીએ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પરંતુ હજુ સુધી આરોપીઓની ધરપકડ થઈ નથી તે ચિંતાનો વિષય બન્યો છે. અને પોલીસ કેમ ધરપકડ નથી કરતી તે ચર્ચાએ પણ જોર પકડ્યુ છે.

# હિંમતનગર સાબરડેરીમાં પ્રગતિશીલ દૂધ ઉત્પાદકો માટે તાલીમ શિબિર યોજાઈ

હિંમતનગર, તા. ૨૯

સાબરડેરી ઓડીટોરીયમ હિંમતનગર ખાતે અરવલ્લી જિલ્લાના પ્રગતિશીલ દૂધ ઉત્પાદકો માટે તાલીમ શીબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લાના ૫૭૦થી વધુ દૂધ ઉત્પાદકો સહદંપતી હાજર રહ્યા હતા. જેમાં સાબરડેરીના અધિકારી તજજ્ઞો દ્વારા દૂધ ઉત્પાદકોને પશુપાલન વ્યવસાયમાં પડતી મુશ્કેલીઓના નિવારણ માટે માર્ગદર્શન આપવામાં આવ્યું, તે ઉપરાંત ઉત્પાદકોને હાલની પ્રવર્તમાન પરિસ્થિતિમાં પશુપાલન વ્યવસાયના વિકાસ માટે નવી પદ્ધતિ અને ટેકનોલોજીના ઉપયોગ કરવા માટે માર્ગદર્શન આપ્યુ હતુ.

કાર્યક્રમમાં જિલ્લાના સૌથી વધુ દૂધ ભરાવતા તેમજ દરેક તાલુકા કક્ષાએ વધુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદકોનું સાબરડેરી દ્વારા સન્માન કરવામાં આવ્યુ હતુ કાર્યક્રમમાં પ્રગતિશીલ દૂધ ઉત્પાદકો દ્વારા દૂધના વ્યવસાયમાં સાબરડેરી દ્વારા આપવામાં આવતા સહયોગ બાબતે સરાહના કરી અને તેઓના અનુભવો અને પ્રતિભાવો રજુ કર્યા હતા.

કાર્યક્રમમાં સંઘના મેનેજીંગ ડીરેક્ટર બી.એમ. પટેલ દ્વારા ઉત્પાદકોને મિલ્કીંગ મશીન, ચાફ કટર અને સાઈલેજનો ઉપયોગ કરવા જણાવેલ તથા લૂઝ હાઉસીંગ અને સ્વચ્છ દૂધ ઉત્પાદન બાબતે સજાગ રહેવા આગ્રહપૂર્વક જણાવેલ છે. વધુમાં તેઓએ બજારની પરિસ્થિતિને અને માંગને અનુરૂપ દૂધ ઉત્પાદન અને દૂધની ગુણવત્તા જાળવવા અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી સાબરડેરી તેમજ ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લી. ના ચેરમેન જેઠાભાઈ પી. પટેલ દ્વારા હાજર તમામ દૂધ ઉત્પાદકોને સાબરડેરીના વિકાસમાં વધુ દૂધ ભરાવી જે યોગદાન આપેલ તે બદલ અભિવાદન કર્યુ હતુ. તે ઉપરાંત મારી ભાવના છે કે દરેક દૂધ ઉત્પાદક શહેરી નાગરીક કરતા વધુ સારૂ જીવન ગ્રામ્ય કક્ષાએ જીવી શકે અને તેઓનું સામાજીક મોભો વધે તે માટે સતત પ્રયત્નશીલ છુ.

# સદ્ભાવના ગ્રુપ દ્વારા સુલભ વિદ્યાર્થી કેમ્પ અંતર્ગત પાટણ જિલ્લાની ૧૩૨ બહેનોએ ડ્રાઈવીંગ લાઈસન્સ પ્રાપ્ત કર્યા

પાલપુર, તા. ૨૯

શાળા કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કાયદાના પાલન સાથે વાહન ચલાવે એ હેતુથી આજરોજ સદ્ભાવના ગ્રુપ દ્વારા જિલ્લા આરટીઓ વિભાગ અને જિલ્લા પોલીસ સુરક્ષા સેતુ વિભાગના સહયોગથી આરટીઓ કચેરી પાટણ મુકામે ખાસ વિદ્યાર્થી ડ્રાઈવીંગ લાઈસન્સ કેમ્પ યોજવામાં આવ્યો હતો.

આ કેમ્પ સંદર્ભે પાટણ પી.કે. કોટાવાળા કોલેજની ૧૫૦ બહેનોએ આરટીઓ કચેરી પાટણ મુકામે ડ્રાઈવીંગ લાઈનસ્સ ટેસ્ટ માટેની પરીક્ષા આપી હતી. જેમાંથી ૧૩૨ બહેનો પાસ થઈ હતી અને લાઈસન્સ પ્રાપ્ત કર્યા હતા. આ તમામ બહેનો ડ્રાઈવીંગ લાઈસન્સ પ્રાપ્ત કરે એ માટે નિઃશુલ્ક પણે ડોક્યુમેન્ટ કલેક્શન તેમજ ડ્રાઈવીંગ લાઈસન્સની પરીક્ષા માટેનું તમામ સાહિત્ય સદ્ભાવના ગ્રુપ દ્વારા પુરૂ પાડી જિલ્લા પોલીસ વિભાગ અને જિલ્લા આરટીઓ વિભાગ જોડે સંકલન કરી ખાસ વિદ્યાર્થી ડ્રાઈવીંગ લાઈસન્સ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. વિદ્યાર્થીનો અભ્યાસનો સમય ના બગડે અને સરળતાથી ડ્રાઈવીંગ લાઈસન્સ પ્રાપ્ત કરે એ માટેથી ને સવારે ૮ વાગ્યે આરટીઓ કચેરી ખાસ વિદ્યાર્થીઓ માટે શરૂ કરવામાં આવેલ. વિદ્યાર્થી બહેનોને કોલેજથી આરટીઓ કચેરી આવવા માટે નિઃશુલ્ક બસની વ્યવસ્થા જિલ્લા પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવેલ હતી. વધુમાં ખાસ ડ્રાઈવીંગ લાઈસન્સ પ્રાપ્ત કરનાર દરેક બહેનોએ આજરોજ સપથ લીધા હતા કે સુલભ કેમ્પમાં અમે લાઈસન્સ મેળવ્યા બાદ હેલ્મેટ સાથે કાયદાના પાલન સાથે વાહન ચલાવીશુ.

આગામી સમયમાં દર બુધવારે શાળા-કોલેજના વિદ્યાર્થીઓ જોડે સંકલન કરી ખાસ વિદ્યાર્થી ડ્રાઈવીંગ લાઈસન્સ કેમ્પ પાટણ આરટીઓ કચેરી મુકામે યોજવામાં આવશે. આજરોજ આ કાર્યક્રમમાં સદભાવના ગ્રુપના ચેરમેન હરેશ ચૌધરી, સાગર જાની, અશોક પટેલ, આરટીઓ અધિકારી તેમજ કોલેજના અધ્યાપકો ઝંખનાબેન જાની હાજર રહી સુંદર વ્યવસ્થા કરી હતી.





પાલનપુરમાં સામાન્ય વરસાદ થતાની સાથે જ નીચાણવાળા વિસ્તારોમાં પાણીના તળાવો ભરાય જાય છે. પાલનપુર સિવિલ હોસ્પિટલમાં પણ પાણી ભરાઈ જતા સિવિલના દર્દીઓ અને મુલાકાતીઓ તંત્રના વાંકે હેરાન પરેશાન થઈ ગયા છે.